# બાળવાર્તા

# દાદા ભગવાન ની નાના ભૂલકાઓ માટેની બાળવાર્તા

-: લેખક :-
સ્વયમ સોલંકી



# પ્રસ્તાવના

આજે બાળકો માં સારા સંસ્કારો નું સિંચન કરતી બાળવાર્તા ઓની ખૂબ જ માંગ છે. પરંતુ માત્ર એવું ખાલી વાંચન નહી કે જે ફક્ત સમય પસાર કરે વાંચનમાં એમના મનોરંજન માટે રમૂજ અને ગમ્મત માટે તે પણ એટલું જરૂરી છે.

બાળકોમાં વાંચન વડે નાના પ્રસંગો વડે બોધપાઠ આપી શકાય છે.

આ વાર્તાનું સંકલન દરેક ને જરૂર પસંદ આવશે તેમજ બાળકો આ વાર્તા માંથી બોધપાઠ મેળવી સંસ્કારી બને.

# પરિવાર પ્રેમી કાગડો

ઘણા સમય પહેલાની વાત છે. અમેરિકા મા એક નાનકડું ગામ હતું જે ઘણા સુંદર પહાડો અને જંગલો થી ઘેરાયલું હતું.

ગામ માં એક ખેડૂત રહેતો હતો. તેને એક પુત્રી હતી. જેનું નામ મિમોસા હતું. મિમોસા ખુબ જ હોંશિયાર અને સુંદર હતી.

ગામ ની બહાર એક વૃક્ષ હતું. તે વૃક્ષ પર એક કાગડો માળો બનાવી તેના પરિવાર સાથે રહેતો હતો.

એકવાર ખેડૂતની પુત્રી મિમોસા તેના પિતાને ખેતર માં મદદ કરવા માટે ઘરે થી નીકળી. પરંતુ ત્યારે વરસાદી વાતાવરણ ના લીધે તે પોતાની સાથે છત્રી લઈને નીકળે છે. તે ખેતરે જતી હોય છે ત્યારે જોરદાર પવન ફૂંકાય છે અને પછી વરસાદ વરસે છે. મિમોસા છત્રી લઈ ગામની બહાર વૃક્ષ પાસે થી પસાર થાય છે ત્યારે જ જોરદાર પવન ફૂંકાયા ના કારણે મિમોસાની છત્રી ઉડી જાય છે. ત્યારે જ ત્યાં વૃક્ષ પર રહેતો કાગડો તે છત્રી લઈ ઉડી વૃક્ષ આવી જાય છે. અને પવન ફૂંકાવા થી કાગડા નો માળો નીચે પડી ન જાય તે માટે

માળો છત્રીમાં મૂકી છત્રી ઝાડ પર ટિંગાળી દે છે.

ત્યાર બાદ છત્રીના માળા માં રહેલા કાગડાના પરિવાર માં બાળકો કલરવ કરવા લાગ્યા.

આમ, કાગડાએ છત્રીમાં માળો મૂકી પોતાના પરિવારની રક્ષા કરી.

# બોધપાઠ

પરિવાર થી હંમેશા
પ્રેમ રાખવો અને રક્ષા કરવી.